## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




સાહેબ... ગમે તેમ તોય અમારું ખાસ ધ્યાન તો રાખ્યું જ ને...

# સે-૨૧ એમએલએ ક્વાર્ટરમાં ગોંડલના ધારાસભ્ય ગીતાબા જાડેજાના મકાનમાં ચોરી

### તસ્કરો મકાનમાંથી કુલ ૪.૨૮ લાખનો મુદ્દામાલ ચોરી ગયા

ગાંધીનગર, તા.૧૧

ગોંડલના ધારાસભ્ય ગીતાબા જયરાજસિંહ જાડેજાના એમએલએ ક્વાર્ટરમાંથી ૧૦ દિવસ અગાઉ ઘરફોડ ચોરીની ઘટના બની હતી. ચોર ઈસમો મકાનનું તાળુ ખોલી અંદર પડેલ લેપટોપ, ઘડીયાળ દાગીના અને રોકડ સહિતનો રૂ. ૪.૨૮ લાખનો મુદ્દામાલ ચોરી ગયા હતા. આ મામલે આજે સેકટર-૨૧ પોલીસમાં ગીતાબા જાડેજાના ભત્રીજા યોગીરાજ જાડેજાએ ચોરીની ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સૌરાષ્ટ્રના ગોંડલના ધારાસભ્ય ગીતાબા જયરાજસિંહ જાડેજાને સેકટર-૨૧ એમએલએ ક્વાર્ટર સંકુલમાં મકાન નં. ૩/૧૨ ફાળવવામાં આવ્યું છે. આ મકાનમાં તેઓનો ભત્રીજો યોગીરાજ ગીરીરાજ જાડેજા પોતાના અભ્યાસ અર્થે રહેતો હતો. યોગીરાજ જાડેજા ગાંધીનગરની ખાનગી સ્પર્ધાત્મક પરીક્ષાના કલાસીસમાં કોચીંગ કરે છે. ગત ૧ જુનના રોજ તેઓ નિયમ પ્રમાણે દરવાજાને તાળુ મારી ચાવી એસી.ના આઉટર પાસે મુકીને જતા હતા. આ દરમિયાન કોઈ ચોર ઈસમોએ ચાવી વડે દરવાજાનું તાળુ ખોલી ઘરમાં પ્રવેશ કર્યો હતો અને અંદર રહેલ બે લેપટોપ, ૧ ઘડીયાળ, સોનાના દાગીના અને રૂ. ૭૦ હજારની રોકડ મળી કુલ રૂ. ૪.૨૮ લાખ નો મુદ્દામાલ ચોરી ગયા હતા. આ મામલે બીજા દિવસે યોગીરાજ જાડેજાને ખબર પડતા તેઓએ આસપાસમાં પુછપરછ કરી હતી પરંતુ કંઈ ભાળ ન મળતા આખરે આજે સે-૨૧ પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી જે ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે. જેની તપાસ પી.આઈ. ચલાવી રહ્યા છે.



શહેરના સેકટર-૭માં આવેલા શિવશકિત મંદિર પાસે સવારે નગરસેવક તથા વસાહતીઓ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. નગરસેવક નાઝાભાઈ ઘાંઘર અને વસાહતીઓએ વૃક્ષારોપણ કર્યું હતું. વરસાદ પહેલા વૃક્ષારોપણ કરાતાં ઝડપથી વૃક્ષોનો ઉછેર થઈ શકે છે.




## 'પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન' સપ્તાહ

વિશ્વ પર્યાવરણ ૨૦૧૮ અને સ્વચ્છતા અભિયાન અંતર્ગત શહેરના અક્ષરધામ સેકટર-૨૦, બાલોદ્યાન સેકટર-૨૮, ડી માર્ટ સે-૨૬ વિસ્તારમાં સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવેલ. તેમાં ગાંધીનગર મહાનગરપાલિકા સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેન મનુભાઈપટેલ, ડેપ્યુટી કમિશનર જે.બી. બારૈયા, કોર્પોરેટર નરેશભાઈ પરમાર, કાર્તિકભાઈ પટેલ, જયરાજસિંહ વાઘેલા વગેરે મહાનુભાવોએ હાજરી આપી સફાઈ અભિયાનને સાચા અર્થમાં સાર્થક કર્યું હતું.

## મનપા તંત્ર દ્વારા સફાઈ અભિયાન-વૃક્ષારોપણ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૧

સ્વચ્છતા અભિયન અંતર્ગત સે-૨૮ જીઆઈડીસી પાસે અવાવરુ જમીનમાં જળ સંચય અભિયાન હેઠળ પાણીના સંચય માટે કુદરતી તળાવ ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. તેમજ તેની આસપાસના વિસ્તારમાં જંગલ ખાતાના સંકલનમાં વૃક્ષા રોપણ કરવામાં આવ્યું હતું.

જેમાં શહેરના પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, મપનાના મેયર પ્રવિણભાઈ પટેલ, ડે.મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, સ્ટે.કમિટી ચેરમેન મનુભાઈ પટેલ, તેમજ કોર્પોરેટર પ્રવિણાબેન દરજી, નિતીનભાઈ પટેલ, હર્ષાબા ધાધલ સહિત નગરજનો અને વેપારીઓ કાર્યક્રમમાં મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

### ગુજરાત જાહેર સેવા આયોગે

# વર્ગ-૧-૨ની પરીક્ષા સમયસર લઈ 'પંચવર્ષીય યોજના'નું કલંક મિટાવ્યું

### ગુજરાત જાહેર સેવા આયોગે યુપીએસસી કરતા પણ વહેલા પરિણામ જાહેર કર્યા

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત જાહેર સેવા આયોગે વર્ષ ૨૦૧૭માં કેલેન્ડર મુજબની વર્ગ-૧-૨ અધિકારી કક્ષાની ભરતી માત્ર ૧૦ માસના ટૂંકાગાળામાં પૂર્ણ કરી છે અને વર્ષોથી લાગેલી 'જીપીએસસી એટલે પંચવર્ષીય યોજના'નું કલંક આજે મિટાવી દીધું છે. જીપીએસસી ચેરમેનના નેતૃત્વમાં આયોગે સતત કાર્યશીલ રહી ૧૦ માસમાં જ આખી ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી અધિકારી બનનાર યુવાનોને ઓર્ડર સુધીની સરકારને ભલામણ કરી દીધી છે. હાલ જીપીએસસી એના વાર્ષિક કેલેન્ડર મુજબ સતત ભરતી પ્રક્રિયા કરી રહી છે.

વર્ષો અગાઉ એવું કહેવાતું હતું કે જીપીએસસીની પરીક્ષા એટલે એ તો પંચવર્ષીય યોજનાની જેમ જ લેવાય છે. લાખો યુવાનો પરીક્ષાના ફોર્મ ભરે ત્યારથી નોકરીના ઓર્ડર મળે ત્યાં સુધી પાંચ - છ વર્ષ વિતી ગયા હોય તેવો ઘાટ ઘડાતા હતા. રાજ્યના યુવાનો પણ પરીક્ષા આપી હતી કે નહી એ પણ ભૂલી જતા હતા. ક્યાંક પાંચ - છ વર્ષ પછી પણ પરિણામ ન આવતા સ્પર્ધકો ભારે હતાશ થઈ જતા હતા. આથી જીપીએસસીની આ ઢીલી નીતિ સામે ભૂતકાળમાં અનેક આક્ષેપો પ્રતિઆક્ષેપો થઈ ચૂક્યા છે.

**યુપીએસસી દર વર્ષે માર્ચમાં જાહેરાત કરે છે અને મે માસમાં પરિણામ જાહેર કરે છે ત્યારે જીપીએસસીએ ૨૦૧૭ માર્ચમાં પરીક્ષાની જાહેરાત કરી માર્ચ ૨૦૧૮માં ત્રણેય તબક્કાની પરીક્ષાનું પરિણામ જાહેર કરી દીધું છે, એટલે કે યુપીએસસી કરતા પણ બે માસ અગાઉ કામગીરી પૂર્ણ કરી સફળ ઉમેદવારોને ઓર્ડ કરવા ભલામણ કરી દીધી હતી**

વર્ષ ૨૦૧૪માં ૮ વર્ષ બાદ જીપીએસસીએ અધિકારી કક્ષાના વર્ગ-૧ અને ૨ માટે જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી હતી. પ્રાથમિક કસોટી બાદ તુરંત જ આ પરીક્ષા ભારે વિવાદોમાં ઘેરાઈ ગઈ હતી અને ઉમેદવારોને થયેલા અન્યાયથી ઉમેદવારોએ કોર્ટના દરવાજા પણ ખખડાવવા પડ્યા હતા. આખરે આ વિવાદ વચ્ચે સરકારે જીપીએસસીના ચેરમેનને પણ બદલવાની ફરજ પડી હતી. સરકારે નવા ચેરમેન સ્વરૂપે જીપીએસસીની કમાન દિનેશદાસાને આપી હતી. ૨૦૧૬થી કાર્યરત જીપીએસસીના ચેરમેને આયોગમાં ભરતી કેલેન્ડર બહાર પાડીને અગાઉથી જ જાહેરાત અંગે બધી જ વિગતો પ્રસિદ્ધ કરી દીધી છે. આયોગ એ સમય મુજબની તારીખે જ હવે ભરતી બહાર પાડે છે. જે અન્ય રાજ્યના જાહેર સેવા આયોગ કરતા ખૂબ જ સારી વાત છે.

ગુજરાત જાહેર સેવા આયોગના વર્તમાન ચેરમેન દિનેશ દાસાએ માત્ર ૧૦ માસના ટૂંકાગાળામાં જ વર્ગ - ૧ અને ૨ની ભરતી પરીક્ષાની જાહેરાતથી લઈ ઈન્ટરવ્યુ સુધી પ્રક્રિયા પૂર્ણ કરી પરિણામ પણ જાહેર કરી દીધું છે. ગત વર્ષ ૨૦૧૭માં ગુજરાત જાહેર સેવા આયોગે ૧૫ માર્ચ ૨૦૧૭ના રોજ ક્લાસ - ૧ અને ૨ની ભરતીની જાહેરાત પ્રસિદ્ધ કરી હતી. આયોગે ૪ જુન ૨૦૧૭ના રોજ ૧.૭૧ લાખ ઉમેદવારો માટે પ્રાથમિક કસોટી યોજી, ૧૪ જુલાઈએ પરિણામ પણ જાહેર કરી દીધું હતું. બાદમાં ૬૦૫૬ ઉમેદવારોને મુખ્ય પરીક્ષા માટે પાસ કરવામાં આવ્યા હતા. આયોગે ૧૭, ૨૩ અને ૨૪ સપ્ટેમ્બર ૨૦૧૭ દરમિયાન મુખ્ય પરીક્ષા લઈ ૧૦૪૫ ઉમેદવારોને ઈન્ટરવ્યુ માટે પાસ કર્યા હતા અને આ તમામ પરીક્ષાઓનું પરિણામ ૧૨ માર્ચ ૨૦૧૮ના રોજ જાહેર કર્યું હતું અને આખી પરીક્ષા સફળતાપૂર્વક માત્ર ૧૦ માસમાં જ પૂર્ણ કરી નાખી હતી. જે ગુજરાતના ગૌરવની વાત છે.

# આજથી ગુજરાતમાં નિક્ષયની ઓનલાઈન કામગીરી ઠપ

ગાંધીનગર, તા. ૧૧

ક્ષય વિભાગના વર્ષોથી શોષિત કરારબધ્ધ કર્મચારીઓને તાજેતરમાં જાહેર કરવામાં આવેલા મહેનતાણાના વધારા અંગે થયેલા અન્યાય અને પ્રવર્તતી વિસંગતાઓ અંગે તમામ ઉચ્ચ કક્ષાના અધિકારીઓ સાથે કચેરીમાં રૂબરૂ લેખિત રજુઆત પછી પણ ગુજરાત આરએનટીસીપી કરારબધ્ધ કર્મચારી સંઘ સાથે ચર્ચા વિચારણા બાદ પણ યોગ્ય નિકાલ ન આવતા કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. ગત તા.૭ જુનથી કર્મચારીઓ પેન ડાઉન હડતાલ પર ઉતરી ગયા છે. જેને પગલે રાજયભરમાં નિક્ષયની ઓનલાઈન કામગીરી ઠપ થઈ જવા પામી છે.

કરારબધ્ધ કર્મચારીઓની હડતાલ પછી પણ સ્ટેટ હેલ્થ સોસાયટી- ટીબી પ્રોગામ અને સ્ટેટ ટીબી ઓફીસર ગાંધીનગર દ્વારા સંઘ હોદેદારો સાથે ચર્ચા વિચારણા બાદ પણ હજુ સુધી યોગ્ય ઉકેલ આવ્યો નથી.

જેથી સમગ્ર કરારબધ્ધ કર્માચારીઓમાં રોષની લાગણી ફેલાઈ છે. જેથી તા. ૧૨ થી ૧૪ જુન દરમિયાન સુધી ત્રણ સી.એલ મુકી તમામ કર્મચારીઓ કામગીરીથી અળગા રહેશે. જેને પગલે નિક્ષયની ઓનલાઈન કામગીરી પણ ઠપ થઈ જશે. જયારે સંઘ દ્વારા જિલ્લા કક્ષાએ કલેકટરને આવેદન પત્ર પાઠવી યોગ્ય રજુઆત કરવામાં આવે છે પરંતુ હજુ સુધી કર્મચારીઓના પ્રશ્નનો નિકાલ ન આવતા કર્મચારીઓમાં અસંતોષની લાગણી ફેલાઈ છે.



## ગાંધીનગર જિલ્લા કલેકટર એસ.કે.લાંગાને કર્મયોગી પુરસ્કાર

રાજય સરકારની નવમી ચિંતન શિબિર- ૨૦૧૮માં ગાંધીનગર જિલ્લાના કલેકટર શ્રી એસ.કે.લાંગાને મહેસાણા જિલ્લામાં જિલ્લા વિકાસ અધિકારી તરીકે શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ કર્મયોગી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.

## જી.એસ.ટી.ના અમલીકરણ બાદ ૧૨૦૦ કરોડનું રીફંડ ચૂકવાયું

જી.એસ.ટીના અમલીકરણ બાદ ગુજરાત રાજ્યમાં સરકાર દ્વારા આજ દિન સુધીમાં કુલ - રૂા. ૧૨૦૦ કરોડ જેટલી રીફંડનું ચૂકવણું કરી દેવામાં આવ્યું છે.

જી.એસ.ટી લાગુ કરાયા બાદ અત્યાર સુધી ૫૯૩૨ રિફંડની અરજીઓ આવી હતી જે પૈકી ૪૮૧૫ અરજીઓનો નિકાલ કરીને રિફંડની રકમનું ચૂકવણુ કરેલ છે. અત્યાર સુંધીમાં મળેલ રિફંડની અરજીઓ પૈકી ૮૨ ટકા જેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. જ્યારે આવેલ અરજીઓ પૈકીની આશરે ૮૫ ટકા જેટલી રીફંડની રકમની ચૂકવવાની કામગીરી પૂર્ણ કરેલ છે.

# શ્રમજીવી પરિવારોના બાળકોના જીવનમાં શિક્ષણનો ઉજાસ પાથરવા ડૉ. સોમભાઈ પટેલનું આહ્‌વાન

### શ્રમજીવી સંતાન શિક્ષણ સહાય દત્તક યોજના થકી ઝૂંપડપટ્ટીના એક પરિવારને દત્તક લેવા શહેરના દાતાઓને હાંકલ

ગાંધીનગરમાં ઘ-૬ સર્કલ નજીક છેલ્લા કેટલાંય વર્ષોથી ઝૂંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવી પરિવારોના બાળકોને ભણાવવાનો સેવાયજ્ઞ અક્ષરજ્ઞાનના વર્ગો થકી કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના કેમ્પસ ડાયરેક્ટર તથા જાણીતા શિક્ષણવિદ્ ડૉ. સોમભાઈ પટેલ દ્વારા ચલાવાઈ રહ્યો છે. આ અક્ષરજ્ઞાનના વર્ગોનો વ્યાપ વધારી વધુને વધુ વંચિત બાળકોને શિક્ષણ મળી શકે તે માટે તેમણે 'શ્રમજીવી સંતાન શિક્ષણ સહાય દત્તક યોજના'નો પ્રારંભ કર્યો છે જે અંતર્ગત કોઈપણ સેવાભાવી દાતા એક શ્રમજીવી પરિવારને દત્તક લઈ તેના સંતાનોનું ભાવિ ઉજાળી શકે છે.

ડૉ. સોમભાઈ પટેલના અક્ષરજ્ઞાનના વર્ગોને કારણે જે બાળકો શાળાનું પગથિયું ચઢી નથી શક્યા તો હવે શિક્ષણ મેળવી રહ્યાં છે અને તેમાંથી કેટલાક તો કૉલેજના પગથિયે પહોંચી ચૂક્યાં છે. ટેકરી ચઢવાની શક્તિ નહોતી તેવા બાળકો ડુંગર ચઢતા થઈ જાય તેવી સ્થિતિ ડૉ. સોમભાઈ પટેલ તથા તેમના સહકાર્યકરોએ ઉભી કરી છે. હવે આ વ્યાપ વધારવા તેમણે શ્રમજીવી સંતાન શિક્ષણ સહાય દત્તક યોજના બનાવી છે. જે અંતર્ગત કોઈપણ પૂણ્યશાળી વ્યક્તિ સેવાભાવનાથી ઝૂંપડપટ્ટીનું



એકાદ છાપરું એટલે કે પરિવાર દત્તક લઈ શકે.

આ છાપરું તેમના દરરોજના આવન-જાવનના માર્ગમાં આવતું હોય તો વધુ સારું રહે. આ યોજના મુજબ શ્રમજીવી પરિવારની નિયમિત મુલાકાત લઈ તેમના સંતાનોને શિક્ષણ પ્રત્યે પ્રેરિત કરવા તથા શાળાએ જવા પ્રોત્સાહિત કરવાના છે. વળી આ સાથે બાળકોને તેમની શારિરીક સ્વચ્છતા અંગે પણ પ્રેરણા પુરી પાડવાની છે. તેઓ સ્વચ્છ વસ્ત્રો પહેરે તેમજ ઘરમાં પણ સ્વછતા જાળવે માટે વાલીને પણ સલાહ આપવાની છે. આ સાથે બાળકોને અભ્યાસ સામગ્રી લઈ આપવી અને તેમને નિયમિત શાળાએ જતા કરવા જેથી તેઓ પ્રાથમિકથી માંડીને ઉચ્ચ શિક્ષણ મેળવી શકે. આ યોજના માટે માર્ગદર્શન મેળવવા ડૉ. સોમભાઈ પટેલનો મો. નં. ૯૪૨૭૩૩૧૦૧૨ પર સંપર્ક સાધવો જેથી યોગ્ય માર્ગદર્શન મળી રહે અને આ બાળકોના જીવનમાં શિક્ષણ થકી ઉજાસ રેલાવી શકાય.

